પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૫૧ | ૨ મે, ૨૦૨૨, સોમવાર; વૈશાખ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# વિક્રમ : એપ્રિલમાં જીએસટીની ૧.૬૮ લાખ કરોડ આવક

**ઓલ ટાઇમ હાઇ પર પહોંચ્યું જીએસટી કલેક્શન : દેશમાં જીએસટી કાનૂન લાગુ થયા પછી એપ્રિલે ૨૦૨૨માં સરકાર દ્વારા સૌથી વધારે ટેક્સ કલેક્શન કરવામાં આવ્યું**




નવી દિલ્હી, તા.૧

દેશનું જીએસટી કલેક્શન ઓલ ટાઈમ હાઈ પર પહોંચી ગયું છે. દેશમાં જીએસટી કાનૂન લાગુ થયા પછી એપ્રિલે ૨૦૨૨માં સરકાર દ્વારા સૌથી વધારે ટેક્સ કલેક્શન કરવામાં આવ્યું છે. આ મહિને સરકારના ખજાનામાં કુલ ૧,૬૭,૫૪૦ કરોડ રૂપિયા આવ્યા છે.

વિત્ત મંત્રાલય તરફથી જાહેર કરાયેલા આંકડા પ્રમાણે માર્ચ મહિનામાં જીએસટી કલેક્શન ૧.૪૨ લાખ કરોડ રૂપિયા થયું હતું. એપ્રિલમાં પ્રથમ વખત જીએસટી કલેક્શન કોઈ એક મહિનામાં ૧.૫૦ લાખ કરોડ રૂપિયાની પાર પહોંચ્યું છે. આ ગત ઉચ્ચ સ્તર માર્ચ ૨૦૨૨ના ૧.૪૨ લાખ કરોડ રૂપિયા કરતા લગભગ ૨૫ હજાર કરોડ રૂપિયા વધારે છે. સરકારે કહ્યું કે ટેક્સ કંપ્લાયન્સમાં સુધારથી જીએસટી કલેક્શનનો આંકડો શાનદાર બન્યો છે.

એપ્રિલ ૨૦૨૨માં સીજીએસટી કલેક્શન ૩૩,૧૫૯ કરોડ રૂપિયા, એસજીએસટી ૪૧,૭૯૩ કરોડ રૂપિયા અને આઈજીએસટી ૮૧,૯૩૯ કરોડ

● અનુસંધાન પાન-૭ પર

## એલપીજી ગેસ સિલિન્ડરના ભાવમાં તોતિંગ વધારો થયો

**મધ્યમ વર્ગ પર વધુ એક મોંઘવારીનો માર : કોમર્શિયલ ગેસ સિલિન્ડરમાં હવે ગ્રાહકોએ પોતાના ખિસ્સામાંથી ૧૦૨.૫૦ રૂપિયા વધારે ખર્ચવા પડશે**

નવી દિલ્હી, તા.૧

મોંઘવારીનો માર ઝેલી રહેલી જનતાને વધુ એક થપાટ પડી છે. નવા મહિનાની શરૂઆત થતાની સાથે જ મોંઘવારીનો માર સામાન્ય લોકોના ખિસ્સા પર પડી રહ્યો છે. ઓઈલ કંપનીઓએ એલપીજી ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો કર્યો છે. જો કે અહીં એક રાહતની વાત એ છે કે ઘરેલુ ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો થયો નથી. આ ભાવ વધારો કોમર્શિયલ ગેસ સિલિન્ડરમાં ઝીંકાયો છે.



કોમર્શિયલ ગેસ સિલિન્ડરમાં થયેલા ભાવ વધારા બાદ હવે ૧૯ કિલોગ્રામનું કોમર્શિયલ ગેસ સિલિન્ડર દિલ્હીમાં ૨૨૫૩ રૂપિયા કરતા વધીને ૨૩૫૫.૫૦ રૂપિયા થયું છે. એટલે કે ગ્રાહકોએ પોતાના ખિસ્સામાંથી ૧૦૨.૫૦ રૂપિયા વધારે ખર્ચવા પડશે. સરકારી ઓઈલ કંપનીઓ તરફથી બહાર પડાયેલા નવા ભાવ મુજબ આ વધારો હોટલ અને રેસ્ટોરામાં ઉપયોગમાં લેવાતા કોમર્શિયલ સિલિન્ડર પર કરાયો છે.

જ્યારે ૫ કિલોવાળા એલપીજી સિલિન્ડરનો ભાવ હવે ૬૫૫ રૂપિયા થયો છે. અત્રે જણાવવાનું કે ગયા મહિને પણ એલપીજી સિલિન્ડરોના ભાવમાં તોતિંગ વધારો ઝીંકાયો હતો. એક એપ્રિલે કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં ૨૬૮.૫૦ વધારો થયો હતો. કોમર્શિયલ સિલિન્ડરનો ઉપયોગ રેસ્ટોરન્ટ, ફરસાણની દુકાનોવાળા વધુ કરે છે. હવે આ સિલિન્ડરના ભાવમાં વધારો થતા તેમનું માસિક બજેટ પણ ખોરવાઈ શકે છે. આ ઉપરાંત લગ્ન પ્રસંગો કે અન્ય શુભ પ્રસંગોમાં કેટરિંગવાળા પણ આ સિલિન્ડરનો ઉપયોગ કરે છે જેના કારણે આડકતરી રીતે આ ભાવ વધારો તમારા ઘરના બજેટ ઉપર પણ અસર કરી શકે છે.

સરકાર દર છ મહિને ૧ એપ્રિલ અને ૧ ઓક્ટોબરે દરો નક્કી કરે છે. યુએસ, કેનેડા અને રશિયા જેવા સરપ્લસ ગેસ ધરાવતા દેશોમાં જાહેર કરવામાં આવતા વાર્ષિક સરેરાશ ભાવોના આધારે આ નક્કી કરવામાં આવે છે.

# વધતા કેસ ચોથી લહેર નથી

**કેટલાક જિલ્લામાં કેસ વધ્યા છે આ ચોથી લહેરનું કારણ નથી : ICMRના એડિશનલ ડિરેક્ટર જનરલે જણાવ્યું : કેટલાક ભાગોમાં કોરોનાનો પોઝિટિવિટી રેટ ઊંચો આવ્યો છે, પરંતુ આ વધારો ટેસ્ટિંગમાં થયેલા ઘટાડાનું કારણ છે**

પુણે, તા.૧


કોરોનાના નવા કેસમાં ફરી એકવાર મોટો ઉછાળો નોંધાવવાનો શરુ થયો છે. કોરોનાના નવા કેસની સાથે મૃત્યુઆંકમાં પણ ઉછાળો નોંધાયો છે. આ સાથે જ ચોથી લહેરની ચર્ચાઓ પણ શરુ થઈ ગઈ છે, એવી પણ ચર્ચાઓ થવા લાગી છે કે ચોથી લહેરની શરુઆત પણ થઈ ગઈ છે. જોકે, આ અંગે એક્સપર્ટ દ્વારા મહત્વની વાત કરવામાં આવી છે. ICMRના અધિકારીએ વાત કરી હતી. જેમાં તેમણે કેટલાક મહત્વના મુદ્દા રજૂ કર્યા હતા.

કોરોનાના નવા કેસમાં વધારો થવાના મુદ્દે ICMRના એડિશનલ ડિરેક્ટર જનરલ ડૉ. સમિરાન પાંડાએ જણાવ્યું કે, તાજેતરમાં કોરોનાના કેસમાં વધારો થયો છે તે માત્ર કેટલાક જિલ્લાઓમાં વધ્યા છે આ કોરોનાની ચોથી લહેરનું કારણ નથી.

દેશના કેટલાક ભાગોમાં કોરોનાનો પોઝિટિવિટી રેટ ઊંચો આવ્યો છે, પરંતુ ડૉ. પાંડા જણાવે છે કે, આ વધારો ટેસ્ટિંગમાં થયેલા ઘટાડાનું કારણ છે. તેમણે આ અંગે ઉદાહરણ આપતા જણાવ્યું કે દિલ્હીમાં ટેસ્ટિંગ વધવાની સાથે જ પોઝિટિવિટી રેટ (૭થી) ઘટીને ૫ થઈ ગયો છે."

તેમણે કહ્યું કે, "પોઝિટિવિટી રેટની ગણતરી ત્યારે થવી જોઈએ જ્યારે કોઈ જિલ્લા કે રાજ્યમાં

● અનુસંધાન પાન-૭ પર



## ભારત સરકાર લાવે છે મેડ-ઈન-ઈન્ડીયા ઈ-કોમર્સ પ્લેટફોર્મ

**સરકાર એક ઇ-કોમર્સ પ્લેટફોર્મ લોન્ચ કરવા જઇ રહી છે જે દેશમાં અમેઝોન-વોલમાર્ટના દબદબાને ઓછો કરશે**

નવી દિલ્હી, તા.૧

આજના જમાનામાં મોટાભાગનું કામ ઓનલાઈન થાય છે, જેમાં શોપિંગ પણ સામેલ છે. ઓનલાઈન શોપિંગ માટે ભારતમાં



ઘણા બધા પ્લેટફોર્મ ઉપલબ્ધ છે. જેનો લોકો ઉપયોગ કરે છે. લોકપ્રિય પ્લેટફોર્મ્સનું નામ લઈએ તો અમેઝોન જેવા નામ મનમાં આવે છે. પરંતુ એક ભારતીય સરકારે નિર્ણય કર્યો છે કે તે જલદી એક ઈ-કોમર્સ પ્લેટફોર્મ લોન્ચ કરવા જઈ રહી છે જે દેશમાં અમેઝોન-વોલમાર્ટના દબદબાને ઓછો કરી દેશે.

તમને જણાવી દઈએ કે ભારતીય સરકાર ટૂંક સમયમાં એક નવું પ્લેટફોર્મ, ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ-ઓએનડીસી લોન્ચ કરવા જઈ રહી છે. સરકારનો ઉદેશ્ય છે કે ભારતના વિક્રેતા અનેઝોન અને વોલમાર્ટ જેવા વિદેશી પ્લેટફોર્મને બદલે ભારતીય પ્લેટફોર્મને પ્રાથમિકતા આપે.

'દ્વઢ્ઢઝ દ્વારા સરકાર એક એવું પેલ્ટફોર્મ તૈયાર કરવા માંગે છે જેનાથી ઈલેક્ટ્રિક નેટવર્કના માધ્યમથી સામાન અને સેવાઓનું એક્સચેંજ થઈ શકે. જોકે થોડા સમય પહેલાં અમેઝોન અને વોલમાર્ટના ફ્લિપકાર્ટના કેટલાક ભારતીય સેલર્સ વિરૂદ્ધ એક 'એન્ટી-ટ્રસ્ટ' રેડ કરવામાં આવી હતી. તેના લીધે સરકારે ભારતનું પોતાનું પ્લેટફોર્મ લોન્ચ કરવાનો નિર્ણય કર્યો છે.

સ્થાનીક ભાષાઓને પણ આ પ્લેટફોર્મનો ભાગ બનાવવામાં આવશે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, આઈસીઆઈસીઆઈ બેંક અને બેંક ઓફ બરોડાએ કુલ મળીને ૨.૫૫ બિલિયન રૂપિયાના કુલ રોકાણ માટે પરવાનગી પણ આપી દીધી છે. એક અધિકારીનું માની તો 'દ્વઢ્ઢઝ ને હાલ દેશમાં પાંચ શહેરો, દિલ્હી એનસીઆર, બેંગલુરૂ, ભોપાલ, શિલોન્ગ અને કોયમ્બતૂરમાં લોન્ચ કરવામાં આવી રહ્યું છે. આગામી સમયમાં તેને બાકી દેશોમાં પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. રોયર્ટ્સના રિપોર્ટ અનુસાર આ પ્લેટફોર્મ પર લગભગ ૩૦ મિલિયન સેલર્સ અને ૧૦ મિલિયન મર્ચન્ટ્સ હશે. સરકારનો પ્લાન છે કે ઓગસ્ટ ૨૦૨૨ સુધી તેમનું આ પ્લેટફોર્મ દેશના ઓછામાં ઓછા ૧૦૦ શહેરોને પોતાની સાથે જોડી શકે.

## પ્રધાનમંત્રી મોદી જર્મની, ડેનમાર્ક અને ફ્રાન્સના પ્રવાસે

**પડકારો વચ્ચે આ પ્રવાસ મહત્વનો : પ્રધાનમંત્રીએ કહ્યું કે તેઓ ભારતના યુરોપીયન ભાગીદારો સાથે સહયોગની ભાવના મજબૂત કરવા માંગે છે**

નવી દિલ્હી, તા.૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જર્મની, ડેનમાર્ક અને ફ્રાન્સના પ્રવાસે જવાના છે. પ્રવાસ રવાના થતા પહેલા તેમણે આજે કહ્યું કે તેમનો આ યુરોપ પ્રવાસ એવા સમયે થઈ રહ્યો છે કે જ્યારે ક્ષેત્ર અનેક પડકારોનો સામનો કરી રહ્યો છે. આ સાથે જ પ્રધાનમંત્રીએ કહ્યું કે તેઓ ભારતના યુરોપીયન ભાગીદારો સાથે સહયોગની ભાવના મજબૂત કરવા માંગે છે.



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક નિવેદનમાં પ્રવાસ અંગેની વિગતો જણાવી. તેમણે કહ્યું કે તેઓ જર્મનીના ચાન્સેલર ઓલાફ શોલ્ઝના નિમંત્રણ પર બીજી મેના રોજ બર્લિન પહોંચશે. ત્યારબાદ ડેનમાર્કના પોતાના સમકક્ષ મેટે ફ્રેડરિકસેનના આમંત્રણ પર ૩-૪ મેના રોજ કોપેનહેગન જશે. આ દરમિયાન દ્વિપક્ષીય વાતચીત થશે અને બીજા ભારત-નોર્ડિક શિખર સંમેલનનું આયોજન કરાશે.

ટ્વીટમાં પીએમ મોદીએ કહ્યું કે 'પેરિસમાં તેઓ તેમના મિત્ર અને હમણા જ ચૂંટાઈ આવેલા રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનને મળશે. પીએમ મોદીએ કહ્યું કે મારો યુરોપ પ્રવાસ એવા સમયે થઈ રહ્યો છે કે જ્યારે આ ક્ષેત્ર અનેક પડકારોનો સામનો કરી રહ્યો છે. પ્રવાસના માધ્યમથી, હું યુરોપીયન ભાગીદારો સાથે સહયોગની ભાવનાને મજબૂત કરવા માંગુ છું, જે શાંતિ અને સમૃદ્ધિની શોધમાં ભારતના મહત્વપૂર્ણ સાથી છે. અત્રે ખાસ જણાવવાનું કે પીએમ મોદીનો આ પ્રવાસ એવા સમયે થઈ રહ્યો છે કે જ્યારે હાલ યુરોપના મોટાભાગના દેશો રશિયા યુક્રેન યુદ્ધ દરમિયાન રશિયા વિરુદ્ધ એકજૂથ છે. જ્યારે ભારતે આ મામલે તટસ્થ વલણ અપનાવેલું છે.

## પટિયાલામાં થયેલી હિંસાના મુખ્ય આરોપીની ધરપકડ

**CIAએ મોહાલી એરપોર્ટથી પકડ્યો : પટિયાલા હિંસા કેસમાં અત્યાર સુધી ૬ FIR નોંધાઇ છે**

ચંદીગઢ, તા.૧

પંજાબના પટિયાલામાં થયેલી હિંસાના મુખ્ય ષડયંત્રકારી બરજિંદર સિંહ પરવાનાની ધરપકડ કરવામાં આવી છે. આરોપી વિસ્તારા ફ્લાઈટથી મુંબઈથી સવારે મોહાલી પહોંચ્યો હતો. જ્યાં શમિંદર સિંહના નેતૃત્વવાળી સેન્ટ્રલ ઈન્ટેલિજેન્સ એજન્સીની (ઝ્રૈંછ) પટિયાલા ટીમે તેની ધરપકડ કરી હતી. ઉલ્લેખનીય છે કે ૨૯ એપ્રિલે પટિયાલામાં ખાલિસ્તાન વિરોધી રેલી દરમિયાન ૨ સમૂહો વચ્ચે ઝડપ થઈ હતી. આ દરમિયાન લગભગ ૪ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

બરજિંદર સિંહ પરવાનાને શીખ સમૂહ દમદમી ટકસાલ રાજપુરાનો પ્રમુખ બતાવવામાં આવી રહ્યો છે. આ પહેલા તેના પર સોશિયલ મીડિયા દ્વારા ઉગ્રવાદ ભડકાવવાના આરોપ પણ લાગી ચૂક્યા છે.

તમને જણાવી દઈએ કે પટિયાલા હિંસા કેસમાં અત્યાર સુધી ૬ હ્લૈંઇ નોંધાઈ છે અને મુખ્ય આરોપી બરજિંદર સિવાય





શિવસેના (બાલઠાકરે) સંગઠનના પંજાબ પ્રમુખ હરીશ સિંગલા, કુલદીપ સિંહ અને દલજીત સિંહની ધરપકડ થઈ છે. આ ચાર સિવાય પોલીસે અન્ય ૨૫ લોકોની ધરપકડ કરી હતી.

પટિયાલા ઉપાયુક્ત સાક્ષી સાહનીએ જાણકારી આપી કે હિંસા પછી શહેરમાં લગાવવામાં આવેલો કર્ફ્યૂ હટાવી લેવામાં આવ્યો છે. સાથે ઈન્ટરનેટ સેવાને ફરીથી શરુ કરી દેવામાં આવી છે. પટિયાલાના વરિષ્ઠ પોલીસ અધિક્ષક દીપક પારેખે જણાવ્યું કે કાનૂન વ્યવસ્થા બનાવી રાખવા માટે શાંતિ સમિતિની બેઠક મળી હતી.

આ દરમિયાન પટિયાલા હિંસા કેસમાં માહિતી સામે આવી છે કે ખાલિસ્તાન સમર્થકોએ આ તૈયારી પહેલાથી જ કરી રાખી હતી. હિંસાનો મુખ્ય આરોપી બરજિંદર

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં ૩૩૨૪ નવા કેસ નોંધાયા

નવી દિલ્હી, તા.૧

ભારતમાં છેલ્લા થોડા દિવસોથી કોરોના કેસમાં વધારો થઈ રહ્યો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩,૩૨૪ નવા કેસ નોંધાયા અને ૪૦ સંક્રમિતોના મોત થયા છે. શનિવારે ૩૬૮૮ નવા કેસ અને ૫૦ સંક્રમિતોના મોત થયા હતા. શુક્રવારે ૩૩૭૭ નવા કોરોના કેસ અને ૬૦ લોકોના મોત થયા હતા. ગુરુવારે ૩૩૦૩ નવા કેસ અને ૩૯ સંક્રમિતોના મોત થયા હતા. બુધવારે ૨૯૨૭ નવા કેસ અને ૩૨ સંક્રમિતોના મોત થયા છે. મંગળવારે ૧૩૯૯ સંક્રમિતોના મોત થયા હતા. સોમવારે ૨૫૪૧ નવા કેસ અને ૩૦ સંક્રમિતોના મોત થયા હતા.

## રશિયાએ મિસાઈલથી ઓડેસા ઉપર હુમલાઓ કર્યાનો દાવો

**અમેરિકી હથિયારો પર સાધ્યું નિશાન : ૬૭ દિવસથી યુક્રેન અને રશિયા વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે વાટાઘાટોનો દોર ચાલ્યો પરંતુ હજુ યુદ્ધ સમાપ્ત થયું નથી**

કિવ, તા.૧

યુદ્ધની સ્થિતિ વચ્ચે રશિયાએ મોટો દાવો કર્યો છે. આજે ૧ મે ૨૦૨૨, રવિવારના રશિયાએ એક નિવેદનમાં કહ્યું કે, યુક્રેનના ઓડેસામાં મિસાઈલથી હુમલો કરી હથિયારોની મોટા જથ્થાને નષ્ટ કરવામાં આવ્યો છે. જો કે, છેલ્લા ૬૭ દિવસથી યુક્રેન અને રશિયા વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. ત્યારે બંને દેશ વચ્ચે અનેક વખત વાટાઘાટોનો દોર ચાલ્યો પરંતુ હજુ સુધી યુદ્ધ સમાપ્ત થયું નથી.

સમાચાર એજન્સી રોયટર્સે જણાવ્યું કે, અમેરિકા અને યુરોપીયન દેશ દ્વારા યુક્રેનને આપવામાં આવેલા હથિયારોના પુરવઠા પર રશિયાએ હુમલો કર્યો છે. યુક્રેનના ઓડેસા પાસે એક લશ્કરી એરફિલ્ડમાં રનવેને નષ્ટ કરવામાં આવ્યો. રક્ષા મત્રાલયે કહ્યું કે, તેમણે ઓનિક્સ મિસાઈલનો ઉપયોગ હવાઈ ક્ષેત્ર પર હુમલો કરવા માટે કર્યો હતો. ઓડેસાના ક્ષેત્રીય ગવર્નર મેક્સિમ માર્ચેંકોએ કહ્યું કે, રશિયાએ બેસ્ટિયન મિસાઈલનો ઉપયોગ કર્યો હતો. આ હુમલા માટે રશિયાએ ક્રીમિયાથી મિસાઈલ લોન્ચ કરી હતી. રક્ષા મંત્રાલયે એમ પણ કહ્યું કે, તેમની એર ડિફેન્સ સિસ્ટમ્સે રાત્રિના સમયે ખાર્કિવ ક્ષેત્રમાં યુક્રેનના બે જી-૨૪દ્ઘ બોમ્બર્સ તોડી પાડ્યા હતા.

